# સારાંશ

## ટીપીએલ-ડી(એસ) દ્વારા (કેસ નંબર ૨૧૮૦/૨૦૨૩) માનનીય જીઇઆરસી સમક્ષ

## દાખલ કરવામાં આવેલી અરજી

## ટોરેન્ટ પાવર લીમીટેડ - સુરત સપ્લાય એરિયા

**પુર્વભૂમિકા**

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ)રેગ્યુલેશન્સ ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી (એસ) આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

૧. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ ફાયદા/નુકશનની વહેંચણી

૨. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એઆરઆરનું નિર્ધારણ

૩. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ખાદ્ય/(પુરાંત)નું નિર્ધારણ

૪. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિજદરનુ નિર્ધારણ

**નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ટ્રુ અપ**

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ટીપીએલ-ડી(એસ) ના એઆરઆરની મંજુરી તા. ૩૧ માર્ચ, ૨૦૨૧ ના ઓર્ડર (કેસ નંબર ૧૯૨૭/૨૦૨૧) દ્વારા આપી છે. જે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના અનુમાનો પર આધારિત હતી. એઆરઆરની મંજુરી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારિત છે.

૧.૩ ટીપીએલ-ડી(એસ)એ જીઇઆરસી (મલ્ટીયરટેરીફ) રેગ્યુલેશન્સ ૨૦૧૬ મુજબ માનનીય કમિશનના તા.૩૧ માર્ચ, ૨૦૨૧ ના ઓર્ડરના (કેસ નંબર ૧૯૨૭/૨૦૨૧) આધારે ટ્રુ-અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડી(એસ) એ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડો ધ્યાનમાં લીધા છે:

a) વીજળીની ખરીદીના મિશ્રણ, જથ્થા અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમા થતો બદલાવ

b) ફીક્સડ ખર્ચો જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, ઘસારો, વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર ઘાલખાધ, આવકવેરો અને નોન-ટેરીફ આવકમાં થતા બદલાવ

c) નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને ફાયદા/નુકશાનની વહેંચણી

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વીજળીની જરૂરીયાત વાસ્તવિક વીજ વેચાણ અને વાસ્તવિક વીજ વિતરણ લોસ પર આધારિત છે. સુરત પુરવઠા વિસ્તારનુ વેચાણ ૩૩૩૭.૦૩ એમયુ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૩.૩૮ ટકા થયેલ છે.

૧.૬ ટ્રુઅપ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને તા.૩૧ માર્ચ ૨૦૨૧ ના ઓર્ડરમાં (કેસ નંબર ૧૯૨૭/૨૦૨૧) મુજબ મંજુર કરેલ ખર્ચાને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને મિશ્રણમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રિત છે અને તે મુજબ તેને એઆરઆરમાં લેવામાં આવેલ છે. પરંતુ, કાર્યક્ષમતાના માપદંડમાં થતા ફેરફારના કારણે ખર્ચાઓમાં થતો ફેરફાર નિયંત્રિત છે અને તેને લીધે થતા ફાયદાને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ ૨૦૧૬ માં ઉલ્લેખવામાં આવેલ ફાયદા/નુકસાનની વહેંચણી પધ્ધતિના આધારે, એઆરઆરમાં ધ્યાને લેવામા આવેલ છે. વીજ વિતરણ લોસમાં થયેલ ઘટાડાને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ)રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર ધ્યાને લીધેલ છે.

૧.૭ સુરત સપ્લાય વિસ્તારના અન્ય ફીક્સડ ખર્ચાઓ જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ, ઘસારો, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, ઘાલખાધ, આવકવેરો અને નોન-ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ-અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે ફાયદા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ-અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ-અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ માટે સુરત સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રૂ.કરોડમાં | | |
|---|---|---|
| ઓર્ડર મુજબ એઆરઆર | (એ) | ૨૦૩૮.૬૧ |
| અનિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (બી) | (૩૨૩.૨૮) |
| નિયંત્રીત પરિબળોને કારણે ફાયદા/(નુકશાન) | (સી) | ૨૧.૮૩ |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/૩ સી) | ૩૧૬.૦૦ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૨૩૫૪.૬૧ |

૧.૮ ટીપીએલ-ડી(એસ) જણાવે છે કે માનનીય કમિશનના ૩૧ માર્ચ, ૨૦૨૧ અને ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ ના ઓર્ડર મુજબ અગાઉના વર્ષોની મંજુર કરેલ ખાધ/(પુરાંત)ની વસૂલાત પેટે રુ ૦.૪૬ કરોડની ખાધ ધ્યાને લીધેલ છે.

૧.૯ નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે સુરત સપ્લાય વિસ્તારની ખાધ/(પુરાંત)ની સંક્ષિપ્તમાં માહિતી નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

કોષ્ટક ૨: નાંણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ માટે સુરત સપ્લાય વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)

| રૂ. કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૨૩૫૪.૬૧ |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૨૩૫૩.૫૮ |
| બાદઃ અગાઉના વર્ષોના મંજૂર ખાધ/(પુરાંત)ની વસૂલાત પેટે ધ્યાને લિધેલ આવક | ૦.૪૬ |
| **બાકીની આવક** | **૨૩૫૩.૧૨** |
| | |
| ખાધ/(પુરાંત) | ૧.૫૦ |

૧.૧૦ ટીપીએલ-ડી(એસ) એ માનનીય કમિશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆર અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એઆરઆર**

૧.૧૧ માનનીય કમિશને તા.૨૦ ઓકટોબર, ૨૦૨૨ ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના એઆરઆર અને વીજદર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ અરજદારે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ)રેગ્યુલેશન્સ, ૨૦૧૬ની જોગવાઇઓ અનુસાર સૂરત સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના એઆરઆર અને વીજદર નિર્ધારણ માટેની અરજી દાખલ કરેલ છે.

૧.૧૨ અંદાજીત એઆરઆર નીચેના અનુમાનો પર આધારિત છેઃ

એ) અંદાજીત વીજ વેચાણ પ્રવર્તમાન વલણો તેમજ રહેંણાક અને ઔદ્યોગિક એકમોનું વ્યવસાયિક એકમમાં રૂપાંતર અને પર્યાવરણના નિયમો તથા તેને સંબંધિત ખર્ચને અનુલક્ષીને ઔદ્યોગિક એકમોના સ્થળાંતરણ તેમજ લેબ ગ્રોન ડાયમંડ ટેકનોલોજીના અમલીકરણને કારણે થયેલ વીજ માંગના વધારા ને ધ્યાને લઇ વીજ વેચાણના અંદાજો રજુ કરેલ છે. વધુમાં, રુફટોપ સોલર ની વીજ વેચાણ પરની નકારાત્મક અસરને પણ ધ્યાને લીધેલ છે. તદાનુસાર ટીપીએલ-ડી(એસ) એ છેલ્લા છ વર્ષના વૃધ્ધીદરને ધ્યાને લઇ વીજ વેચાણના અંદાજો રજુ કરેલ છે.

બી) સુરત સપ્લાય એરિયા માટે ઓ એન્ડ એમ ખર્ચ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ )રેગ્યુલેશન્સ, ૨૦૧૬ માં નિર્ધારિત કરેલ સિધ્ધાંતો, અગાઉના આદેશો તેમજ પ્રવર્તમાન વલણોને ધ્યાને લઇ નાંણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રજુ કરેલ છે.

સી) વીજ જરૂરીઆત ટીપીએલ-જી(એપીપી), સુજેન/ઉનોસુજેન, પુનઃપ્રાપ્ય (રિન્યુએબલ) ઉર્જા સ્ત્રોતો, દ્વિપક્ષીય કરાર અને પાવર એક્ષચેન્જ દ્વારા પૂરી કરવા દરખાસ્ત કરેલ છે.

ડી) રિન્યુએબલ પરચેઝ ઓબ્લીગેશન (આરપીઓ) કરાર આધારીત રિન્યુએબલ સ્ત્રોતોમાંથી વીજ ખરીદી કરીને તેમજ રુફટોપ સોલરનાં ઉત્પાદન થકી પાર કરવાનું પ્રસ્તાવિત કરેલ છે.

ઈ) સુરત સપ્લાય એરિયા માટે મૂડી ખર્ચ યોજનાઓમાં ઇએચવી યોજનાઓ એચવી યોજનાઓ, એલટી નેટવર્ક યોજનાઓ, ખાસ યોજનાઓ અને મીટરિંગ, ગ્રાહક સેવા, આઇટી અને વીજ પુરવઠા કેન્દ્રો, વગેરે નો સમાવેશ થાય છે.

એફ) ઘસારો, વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, વગેરેની ગણતરી લાગુ પડતા રેગ્યુલેશન્સ, અનુસાર કરવામાં આવી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે સુરત સપ્લાય એરિયા માટે નિર્ધારીત એઆરઆર નીચેના કોષ્ટકમા આપેલ છે.

**કોષ્ટક ૩: નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે સુરત સપ્લાય એરિયાના એઆરઆર**

| રૂ. કરોડમાં | નાંણાકિય વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|
| પાવર પરચેઝ | ૨૨૭૨.૯૪ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૧૫૨.૮૨ |
| ઘસારો | ૮૯.૩૫ |
| વ્યાજ ખર્ચ | ૪૪.૫૨ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | - |
| સીક્યોરીટી ડીપોસીટ પર વ્યાજ | ૧૬.૩૯ |
| ઘાલખાધ | ૦.૯૨ |
| કન્ટીનજન્સી રીઝર્વ | ૦.૪૦ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર | ૧૧૭.૧૭ |
| આવક વેરો | ૧૩.૨૫ |
| બાદ: બિન-ટેરિફ આવક | ૧૦.૭૪ |
| એઆરઆર | **૨૬૯૭.૦૨** |

**નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેની ખાધ /(પુરાંત):**

૧.૧૩ વિવિધ કેટેગરીના ગ્રાહકો માટે વીજ વેચાણથી થતી આવકની ગણતરી, વીજ વેચાણ, હાલનો વિજદર તેમજ એફપીપીપીએ ને ધ્યાનમાં રાખીને, જે તે કેટેગરી માટે નિર્ધારીત કરેલ ફોર્મેટ માં દર્શાવેલ છે.

૧.૧૪ ટીપીએલ-ડી(એસ) વધુમાં જણાવે છે કે માનનીય કમીશને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેના ટ્રુ-અપ અને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ના ટેરિફ ઓર્ડર માં રૂ ૪.૮૮ પ્રતિ યુનીટ ના બેઝ વીજ ખરીદ ખર્ચ અને રૂ ૧.૪૮ પ્રતિ યુનીટના બેઝ એફપીપીપીએ મંજુર કરેલ છે. મંજૂર કરેલ એફપીપીપીએ ફોર્મ્યુલા મુજબ ત્રીમાસીક ધોરણે, રૂ ૪.૮૮ પ્રતિ યુનીટના વીજ ખરીદ ખર્ચ ની સરખામણીમાં વર્ષ દરમિયાન વીજ ખરીદી ખર્ચમાં થયેલ કોઇ પણ વધારો, રૂ.૧.૪૮ પ્રતિ યુનીટના બેઝ એફપીપીપીએ ઉપરાંત ના એફપીપીપીએ દ્વારા વસૂલવા માં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના અંદાજીત એઆરઆર મુજબ, સરેરાશ વીજ ખરીદી ખર્ચ રૂ. ૬.૧૦ પ્રતિ યુનીટ થાય છે. જ્યારે વર્તમાન

બેઝ વિજ ખરીદ ખર્ચ રુ.૪.૮૮ પ્રતિ યુનીટ છે. આમ, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રુ. ૧.૨૨ પ્રતિ યુનીટ ના વધારાના વીજ ખરીદી ખર્ચ અનુસાર રુ ૨.૭૦ પ્રતિ યુનીટના સુધારેલા બેઝ એફપીપીપીએ દ્વારા વસૂલવામાં આવશે. માટે, નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ની અંદાજીત આવક રુ ૨.૭૦ પ્રતિ યુનીટના સુધારેલા એફપીપીપીએ ને ધ્યાને લઇ ગણવા માં આવેલ છે. તે મુજબ, વિજ વેચાણ ની અંદાજિત આવક નીચે મુજબ છેઃ

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં પાવરના વેચાણમાંથી આવક**

| રૂ.કરોડમાં | નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|
| સુરત પુરવઠા વિસ્તાર | ૨૭૬૯.૦૪ |

૧.૧૫ સુધારેલા એફપીપીપીએ સાથેના વીજવેચાણથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે સુરત પૂરવઠા વિસ્તારના આવકની ખાધ/(પુરાંત)**

| રૂ.કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૨૬૯૭.૦૨ |
| બાદ : | |
| વર્તમાન વીજદર સાથેના રૂ.૨.૭૦ પ્રતિ યુનીટ ના એફપીપીપીએ સહીત વીજળીના વેચાણથી થતી આવક | ૨૭૬૯.૦૪ |
| | |
| **ખાધ/(પુરાંત)** | **(૭૨.૦૨)** |

ટીપીએલ-ડી(એસ) માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૬ ટીપીએલ-ડી(એસ) તેના અમદાવાદ/ ગાંધીનગર અને સુરત સપ્લાય વિસ્તાર માટે જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૨ અનુસાર ડીએસએમ યોજના બનાવીને માનનીય કમીશન સમક્ષ રજુ કરેલ છે. માનનીય કમીશને સુરત સપ્લાય વિસ્તાર માટે રૂ. ૫.૭૦ કરોડ મંજુર કરેલ છે. આ બાબતે, ટીપીએલ-ડી(એસ) -એ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન રૂ.૦.૧૩ કરોડનો ખર્ચ કરેલ છે. ટીપીએલ-ડી(એસ) નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ થી શરુ થતા સમયગાળા માટેની ડીએસએમ યોજના માટે માનનીય કમિશન સમક્ષ અલગથી રજુઆત કરશે.

૧.૧૭ ટીપીએલ-ડી(એસ) એ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાધ/(પુરાંત) ઉપરાંત માનનીય કમિશનને તારવેલ કેરીંગ કોષ્ટ સહીત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા દરખાસ્ત

કરેલ છે.

૧.૧૮ ઉપર ઉપરોક્ત મુજબ તારવેલ કુલ ખાધ/(પુરાંત)ને નીચેનાં કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૬: નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના દર નિર્ધારણ માટે સુરત પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રૂ. કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે ખાધ/(પુરાંત) | ૧.૫૦ |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૧૫.૬૧ |
| ડીએસએમ | ૦.૧૩ |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની ખાધ/(પુરાંત) | (૭૨.૦૨) |
| | |
| **વીજદર મારફતે વસુલવા યોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **(૫૪.૭૮)** |

૧.૧૯ ટીપીએલ-ડી(એસ) જણાવે છે કે રૂ. (૫૪.૭૮) કરોડની સંચિત ખાધ/(પુરાંત) ને નાંણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ટ્રુઇંગ અપ દરમ્યાન ગણતરીમાં લેવામા આવશે.

૧.૨૦ વધુમાં, માનનીય કમીશન/ માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ કાર્યવાહી સંબંધિત ખાધ/કેરીંગ કોષ્ટને ટીપીએલએ રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

૧.૨૧ ટીપીએલ-ડી(એસ) જણાવે છે કે તેમને તેના લાઇસન્સ વિસ્તારોમાં "ગ્રીન ટેરિફ" પ્રસ્તુત કરવા અંગેની રજૂઆતો પ્રાપ્ત થયેલ છે. પરંતુ માનનીય કમીશન દ્વારા "ગ્રીન ટેરિફ" ગણવા માટેની ચોકસ પદ્ધતી નિર્દિષ્ટ કરવામાં આવનાર છે. આથી, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે, ટીપીએલ-ડી(એસ) એ રુ.૧.૫૦ પ્રતી યુનીટ ના વધારાના વીજદરે વૈકલ્પિક “ગ્રીન ટેરિફ”ની દરખાસ્ત કરેલ છે.